HSRP (Decentralized Fitment Process) – 2017
ના અમલીકરણ બાબત.

વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી
બ્લોક નં.-૬, ૨જો માળ. ડો. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક : HSRP/Fitment/ડી-સેન્ટ્રલાઇઝ્ડ સ્કીમ/ ૭૩૭૬
તારીખ : -25 OCT 2018

વંચાણે લીધા :-

(૧) નામ. સુપ્રીમ કોર્ટમાં ચાલતી પીટીશન નં. ૧૭૮૭/૨૦૧૭ સબંધમાં તા. ૨૯/૦૫/૧૮ ના રોજ માન. અધિક મુખ્ય સચિવશ્રીની ચેમ્બરમાં મળેલ બેઠકની કાર્ય નોંધ

(૨) વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંક : HSRP/Fitment/ડી-સેન્ટ્રલાઇઝ્ડ સ્કીમ/૩૧૨૯ તારીખ : - ૧૮/૦૫/૧૭.

(3) બંદરો અને વાહન વ્યહવાર વિભાગનો પત્ર ક્રમાંક : એમવીડી/૧૦૨૦૧૭/કોર્ટ-૫૭/ખ, તા. ૦૫/૧૦/૨૦૧૮

## પરિપત્ર

નામદાર સુપ્રિમ કોર્ટના દિશાનિર્દેશાનુસાર તેમજ કેન્દ્રિય મોટર વાહનો નિયમ ૧૯૮૯ ના નિયમ (૫૦) માં કરેલ જોગવાઇ મુજબ અગાઉ નોંધાયેલા તેમજ હયાત તમામ પ્રકારના વાહનોમાં હાઇ સિકયુરીટી રજીસ્ટ્રેશન પ્લેટ **(HSRP)** લગાડવી ફરજીયાત કરવામાં આવેલ છે આ અન્વયે રાજયમાં એચ.એસ.આર.પી. પ્રોજેકટના અમલીકરણ અંતર્ગત વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય ધ્વારા **M/s. FTA HSRP Solutions Pvt. Ltd., Gandhinagar** સાથે **Concession Agreement** કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીઘેલ (૨) થી રાજ્યની આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. તથા ડીમ્ડ આર.ટી.ઓ. ખાતે હાલ એચ.એસ.આર.પી. ફિટમેન્ટ થાય છે. વાહન માલિકનો સમય બચે, આર.ટી.ઓ. ખાતે ભીડ ન થાય તેમજ નાગરિકોને સુવિધા અને સરળતા રહે તે હેતુથી નામ. સુપ્રીમ કોર્ટના COCP No. 1787 of 2017 in WP(c) No. 510 of 2005 માં તા. ૧૩-૦૭-૨૦૧૮ ના હુકમ અન્વયે **HSRP** ફીટમેન્ટની સુવિધા આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ.. તથા ડીમ્ડ આર.ટી.ઓ ઉપરાંત **Concessionaire (FTA HSRP Solutions Pvt. Ltd., Gandhinagar)** ધ્વારા રાજ્યમાં **Resident Welfare Association,** (સરકારી વસાહતો, સોસાયટીઓ, એપાર્ટમેન્ટસ) વિગેરે સ્થળો ખાતે પુરી પાડવા સરકારશ્રી

દ્વારા વિચારણા કરવામા આવેલ છે. જે અન્વયે જુના વાહનો માટે એચ.એસ.આર.પી. ફિટમેન્ટ અંગેની કામગીરીનો વધુ સ્કોપ હોય તેવા સ્થળોએ એચ.એસ.આર.પી. ફિટમેન્ટ માટેની સુવિધા પુરી પાડી શકાશે. આમ, આ કામગીરીનુ વિકેન્દ્રિયકરણ થાય અને એચ.એસ.આર.પી. ફિટમેન્ટની કામગીરી વધુ અસરકારક રીતે થાય તે રાજ્ય સરકારનો અભિગમ છે.

આ વ્યવસ્થા વાહન માલિકને સ્થળ ઉપર સુવિધા મળી રહે તે માટેની વૈકલ્પિક વ્યવસ્થા છે. જો વાહન માલિક ઈચ્છે તો, આ સુવિધા આર.ટી.ઓ/એ.આર.ટી.ઓ.. કચેરી ખાતે મેળવી શકે છે .

ડીમ્ડ આર.ટી.ઓ. તરીકે ઘોષિત ડીલરોને ત્યાં એચ.એસ.આર.પી. ફીટમેન્ટ થાય તો વંચાણે લીધા- ૨ મુજબના પરિપત્ર પ્રમાણે ફીટમેન્ટ માટે નિર્દિષ્ઠ થયેલ વધારાના સર્વિસચાર્જ લઈ શકાશે. પરંતુ, રેસીડેન્ટ વેલફેર એસોસીએશન કે કોઈ જાહેર જગ્યાએ ફીટમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવે તો રાજ્ય સરકારે એચ.એસ.આર.પી. ફીટમેન્ટ માટે નક્કી કરેલ મૂળભૂત ફી સિવાય કોઈપણ વધારાના સર્વિસ ચાર્જ લઈ શકાશે નહીં.

આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ.ના સંકલનમાં રહી એજન્સીએ Resident Welfare Association(સરકારી વસાહતો, સોસાયટીઓ, એપાર્ટમેન્ટસ) વિગેરે સ્થળો ખાતે પણ એચ.એસ.આર.પી. ફિટમેન્ટની કામગીરી કરી શકાશે. આ કામગીરી માટે પણ Concessionaire (FTA HSRP Solutions Pvt. Ltd., Gandhinagar) ને કન્સેશનર એગ્રીમેન્ટમાં ઠરાવવામાં આવેલ શરતો લાગુ પડશે. કરેલ કાર્યવાહીનો દૈનિક રીપોર્ટ વાહન વ્યવહાર કમિશ્નર કચેરીને કરવાનો રહેશે.

ઉપર્યુકત સૂચનાનો અમલ તાત્કાલિક અસરથી કરવા આથી સંબંધિત સર્વેને જણાવવામાં આવે છે.

વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ -</u>

(૧) તમામ આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ.શ્રી ને જાણ તેમજ એજન્સી ના સંકલનમાં રહી યોગ્ય અમલવારી કરવા સારૂ.

(૨) **M/s. FTA HSRP Solutions Pvt. Ltd., B/31, Electronic Estate, GIDC, Gandhinagar** ને જાણ તેમજ વિવિધ **Resident Welfare Association** અને આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ સાથે સંકલનમાં રહી યોગ્ય વ્યવસ્થા કરી જુના વાહનોમાં એચ.એસ.આર.પી. ફીટમેન્ટની કામગીરી અસરકારક અને પરિણામલક્ષી બનાવવા સારૂ.

નકલ સવિનય રવાનાઃ -

(૧) માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો), ગુજરાત સરકાર ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર .

(૨) માન. અગ્રસચિવશ્રી., બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર .

(3) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.૨, ૯ મો માળ, નવા સચિવાલય. ગાંધીનગર.